પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 25-11-2024 Evening : 07.45 to 07.55

Day : Monday National News

આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

****************************************************

1) સંસદનું શિયાળું સત્ર આજથી શરૂ થશે. 26 દિવસ ચાલનારા આ સત્ર દરમિયાન 19 બેઠક યોજાશે.
2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં આંતર-રાષ્ટ્રીય સહકાર ગઠબંધન- I.C.A.ના વૈશ્વિક સહકાર સંમેલનનું ઉદ્ઘાટન કરશે
3) વિદેશ મંત્રી ડૉ. જયશંકરે કહ્યું કે, 'ભારત, ઈટાલીને યુરોપમાં મુખ્ય ભાગીદાર અને ભૂમધ્ય ક્ષેત્રમાં અત્યંત પ્રભાવશાળી દેશ માને છે.'
4) દેશમાં આજથી રાષ્ટ્રીય અભિયાન "અબ કોઈ બહાના નહીં"નો પ્રારંભ થશે.
5) લખનઉ સુપર જાયન્ટ્સ ટીમે 27 કરોડ રૂપિયાની બોલી લગાવતાં ભારતીય ક્રિકેટર રિષભ પંત IPLના ઇતિહાસમાં સૌથી મોંઘા ખેલાડી બન્યા.

*******************************************************

## PARLIAMENT WINTER SESSION

સંસદનું શિયાળું સત્ર આજથી શરૂ થશે. 26 દિવસ સુધી ચાલનારા આ સત્ર દરમિયાન 19 બેઠક યોજાશે. જોકે, આવતીકાલે 26 નવેમ્બરે સંવિધાન દિવસ હોવાથી સંસદની બેઠક નહીં યોજાય. સંવિધાન દિવસ નિમિત્તે સંવિધાન ગૃહના કેન્દ્રીય ખંડમાં મુખ્ય કાર્યક્રમ યોજાશે.

આ પહેલા નવી દિલ્હીમાં ગઈકાલે સરકારે સર્વપક્ષી બેઠક બોલાવી હતી, જેમાં 30 રાજકીય પક્ષના 42 નેતાઓ જોડાયા અને દરેક પક્ષના નેતાએ પોતાના વિચાર રજૂ કર્યાં હતા. બેઠક બાદ સંવાદદાતાઓ સાથે વાતચીત કરતા સંસદીય કાર્યમંત્રી કિરેન રિજિજૂએ કહ્યું કે, શિયાળું સત્ર દરમિયાન સરકાર સંસદમાં કોઈ પણ મુદ્દા પર ચર્ચા કરવા માટે તૈયાર છે.

**કૉંગ્રેસના સાંસદ પ્રમોદ તિવારીએ કહ્યું, પક્ષે ઉદ્યોગપતિ દ્વારા કથિત લાંચ કોભાંડ, મણિપુરની સ્થિતિ, બેરોજગારી અને ઉત્તર ભારતમાં પ્રદૂષણ સહિતના અન્ય મુદ્દાઓ પર ચર્ચાની માગ કરી છે.**

## LS SPEAKER INTERVIEW

લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ સંસદ સભ્યોને આગ્રહ કર્યો કે, તેઓ સંવિધાન સભાની ચર્ચાઓમાંથી પ્રેરણા લઈ ગૃહમાં સંસદીય મર્યાદાનું પાલન કરે. આકાશવાણી સમાચાર સાથે વિશેષ મુલાકાતમાં શ્રી બિરલાએ તમામ સાંસદ સકારાત્મક અને રચનાત્મક ચર્ચાની પરંપરામાં યોગદાન આપશે તેવી આશા વ્યક્ત કરી છે. તેમણે સંસદ સભ્યોને સંસદમાં મર્યાદાના ઉચ્ચ ધારાધોરણો સ્થાપિત કરવા પણ અપીલ કરી હતી.

અનામત વિષયના એક પ્રશ્નના જવાબમાં શ્રી બિરલાએ કહ્યું, રાજકીય દળ આ મુદ્દા પર આક્ષેપ-પ્રતિઆક્ષેપ લગાવી શકે છે, પરંતુ સત્ય એ છે કે, કોઈ પણ સરકારે કોઈ પણ અનામત હિસ્સા સાથે ચેડાં કરવાનો પ્રયાસ નથી કર્યો. તેમણે કહ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી હંમેશા આ વાત પર દ્રઢ રહે છે કે, સમાજના વંચિત અને આર્થિક રીતે નબળા વર્ગો માટે અનામત હજી પણ આવશ્યક છે.

## PM COOPERATIVE CONFERENCE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીના ભારત મંડપમ્ ખાતે આંતર-રાષ્ટ્રીય સહકાર ગઠબંધન- I.C.A.ના વૈશ્વિક સહકાર સંમેલનનું ઉદ્ઘાટન કરશે. આંતર-રાષ્ટ્રીય સહકાર ગઠબંધનના 130 વર્ષના ઇતિહાસમાં પેહલી વાર વૈશ્વિક સહકાર સંમેલન અને સામાન્ય સભા ભારતમાં યોજાઈ રહી છે.

આ પ્રસંગે શ્રી મોદી આંતર-રાષ્ટ્રીય સહકાર વર્ષ 2025 પર સ્મારક ટપાલ ટિકિટ જાહેર કરશે. સંમેલનમાં ભૂતાનના પ્રધાનમંત્રી દાશો શેરિન્ગ તોબગે અને ફિઝીના નાયબ પ્રધાનમંત્રી મનોઆ કામિકામિકા પણ ઉપસ્થિત રહેશે. અમારા સંવાદદાતાએ જણાવ્યું કે, ખેડૂતો માટેની સહકારી સંસ્થા ઇફ્કો આઈસીએ, ભારત સરકાર અને સહકારી સંસ્થાઓ અમૂલ તથા કૃભકોના સહોયગથી વૈશ્વિક સંમેલન યોજાઈ રહ્યું છે.

## MAAN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે આકાશવાણી પરથી પ્રસારિત થયેલા મન કી બાત કાર્યક્રમમાં બિન-રાજકીય પૃષ્ઠભૂમિ ધરાવતા પરિવારોના યુવાનોને રાજકારણમાં જોડાવા અપીલ કરી છે. શ્રી મોદીએ કહ્યું એક લાખ યુવાનોને રાજકારણ સાથે જોડાવા માટે દેશમાં વિશેષ અભિયાન ચલાવવામાં આવશે.

પ્રધાનમંત્રીએ સમાજ માટે નિઃસ્વાર્થ ભાવે કામ કરતા યુવાનો વિશે વાત કરતાં કહ્યું કે અમદાવાદના યુવાન રાજીવ લોકોને ડિજિટલ ધરપકડના જોખમ વિશે ચેતવણી આપી રહ્યા છે.

પ્રધાનમંત્રીએ યુવાનોને NCCમાં મોટી સંખ્યામાં જોડાવવા પણ અપીલ કરી હતી. શ્રી મોદીએ કહ્યું છે એક પેડ મા કે નામ અભિયાને માત્ર પાંચ મહિનામાં 100 કરોડ વૃક્ષો વાવવાની મહત્વની સિદ્ધિ હાંસલ કરી છે.

સ્વચ્છતા અંગે શ્રી મોદીએ જણાવ્યું હતું કે સરકારી કચેરીઓમાંથી દાયકાઓ જૂની ફાઈલો અને કચરો દૂર કરવા વિશેષ સ્વચ્છતા અભિયાન શરૂ કરાયું હતું. આ અભિયાનથી સરકારી વિભાગોમાં આશ્ચર્યજનક પરિણામો આવ્યા છે અને ઘણી જગ્યાઓ પણ ખાલી પડી છે.

## JAISHANKAR ITALY VISIT

વિદેશ મંત્રી ડૉ. સુબ્રમણ્યમ જયશંકરે કહ્યું કે, 'ભારત, ઈટાલીને યુરોપમાં મુખ્ય ભાગીદાર, પોતાના મહત્વના સહયોગી અને ભૂમધ્ય ક્ષેત્રમાં અત્યંત પ્રભાવશાળી દેશ માને છે.' રોમમાં ભારતીય રાજદૂતભવનમાં નવા કાર્યાલયના ઉદ્ઘાટન પ્રસંગે ડૉ. જયશંકરે કહ્યું, 'બંને દેશ વચ્ચે વિવિધ સ્તર પર નિયમિત થતી વાતચીતથી જાણી શકાય છે કે, પરસ્પર સંબંધ કેટલા ગાઢ અને વ્યાપક છે.' તેમણે કહ્યું કે, વિશ્વના સંબંધમાં આપણો દ્રષ્ટિકોણ એકસરખો છે અને વૈશ્વિક તેમજ ક્ષેત્રીય બાબતોને પહોંચવાના આપણા પ્રયાસોમાં સંકલનની સાથે પરસ્પર સંબંધોને વિકસિત કરવામાં નવો ઉત્સાહ જોવા મળે છે.

પ્રસ્તાવિત ભારત-પશ્ચિમ એશિયા-યુરૉપ આર્થિક પરસાળનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું, આ યુરોપ અને એશિયા વચ્ચે ઘણું અસરકારક રહેશે.

ઈટાલી પ્રવાસ દરમિયાન ડૉ. જયશંકર ફિઉગ્ગીમાં જી-7 દેશોના વિદેશ મંત્રીઓના સત્રમાં પણ ભાગ લેશે. આ સત્રમાં ભારતને અતિથિ દેશ તરીકે નિમંત્રણ મળ્યું છે. તેઓ રોમમાં દસમા M.E.D. ભૂમધ્ય સંવાદમાં પણ ઉપસ્થિત રહેશે.

MID BREAK- NEWS

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABADને ફોલો કરી શકો છો...

## SHIV SENA - EKNATH SHINDE

**મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેને શિવસેના ધારાસભ્ય દળના નેતા તરીકે પસંદ કરાયા છે.**

**ગઈકાલે રાત્રે મુંબઈમાં મળેલી બેઠકમાં પક્ષના તમામ 57 નવા ચૂંટાયેલા ધારાસભ્યોએ સર્વસંમતિથી આ અંગેનો ઠરાવ પસાર કર્યો હતો. આ બેઠકમાં અન્ય ત્રણ ઠરાવો પણ પસાર કરાયા હતા, જેમાં પક્ષને જંગી જીત તરફ દોરી જવા બદલ શ્રી શિંદેની પ્રશંસા, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી  અમિત શાહનો તેમના સમર્થન બદલ આભાર અને મહાયુતિ ગઠબંધનમાં વિશ્વાસ વ્યક્ત કરવા બદલ મહારાષ્ટ્રના લોકોનો આભારનો સમાવેશ થાય છે.**

## MAHA GOV ELECTION NOTIFICATION

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના જાહેર થયેલા પરિણામોની સૂચના, ચૂંટાયેલા સભ્યોની યાદી અને રાજપત્રની એક નકલ ગઈકાલે મહારાષ્ટ્રના રાજ્યપાલ સી.પી. રાધાકૃષ્ણનને સોંપવામાં આવી હતી. ભારતના નાયબ મુખ્ય ચૂંટણી અધિકારી હિરદેશ કુમાર, રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી એસ. ચોકાલિન્ગમે મુંબઈના રાજભવનમાં રાજ્યપાલ સાથે મુલાકાત દરમિયાન આ સૂચના સુપરત કરી હતી.

## AB KOI BAHANA NAHI

કેન્દ્રીય મંત્રી અન્નપૂર્ણા દેવી આજે નવી દિલ્હીમાં એક રાષ્ટ્રીય અભિયાન “અબ કોઈ બહાના નહીં”નો પ્રારંભ કરાવશે. આ અભિયાન અંતર્ગત જનતા, સરકાર અને મુખ્ય હિતધારકોને

મહિલાઓના વિરુદ્ધ હિંસાને ડામવા માટે જરૂરી પગલાં ઉઠાવવાનું આહ્વાન કરાશે. આ અભિયાન મહિલા અને બાળવિકાસ મંત્રાલય તથા ગ્રામીણ વિકાસ મંત્રાલયોનો સહિયારો પ્રયાસ છે.

અભિયાન અંતર્ગત જાતિ આધારિત હિંસાને ડામવા સંબંધિત જાગૃતિ ફેલાવવા માટે અબ કોઈ બહાના નહીં વિષય પર એક ફિલ્મ પણ પ્રદર્શિત કરાશે. મહિલા અને બાળવિકાસ મંત્રાલયે જણાવ્યું કે, આ અભિયાન નવી ચેતના 3.0ની સાથે શરૂ કરાશે, જેથી જાતિ આધારિત હિંસાને ડામવા કાર્યવાહીને અસરકારક બનાવી શકાય. મહિલાઓ સામે હિંસાને ડામવા દર વર્ષે સમગ્ર વિશ્વમાં 25 નવેમ્બરે આંતર-રાષ્ટ્રીય દિવસ પણ મનાવાય છે.

## IPL AUCTION

ઇન્ડિયન પ્રીમિયર લીગ- આઈપીએલ 2025 માટે ખેલાડીઓની હરાજીની પેહલા દિવસે ગઈકાલે સાઉદી અરબના જેદ્દાહમાં રિષભ પંત અને શ્રેયસ અય્યરની વિક્રમી બોલી લગાવવામાં આવી હતી. લખનઉ સુપર જાયન્ટ્સે વિકેટ-કિપર અને બેટ્સમેન રિષભ પંતને 27 કરોડ રૂપિયાની વિક્રમી બોલી લગાવી પોતાની ટીમમાં સામેલ કર્યા છે. આ સાથે રિષભ પંત આઈપીએલના ઇતિહાસમાં સૌથી મોંઘા ખેલાડી બની ગયા છે.

પંજાબ કિંગ્સે પણ સુકાની શ્રેયસ અય્યરને 26 કરોડ 75 લાખ રૂપિયા, સ્પિનર યુજવેન્દ્ર ચહલ અને અર્શદીપ સિંહને 18–18 કરોડ રૂપિયાની કિંમતમાં પોતાની ટીમમાં સામેલ કર્યા છે.

જ્યારે કોલકાતા નાઈટ રાઈડર્સે વેન્કટેશ અય્યરને 23 કરોડ 75 લાખ રૂપિયામાં પોતાની ટીમમાં લીધા છે. આજે અને આવતીકાલે પણ હરાજી ફરી શરૂ થશે. 10 ટીમને તાત્કાલિક હરાજી માટે 25 ખેલાડીને નિયુક્ત કરવા કહેવાયું છે.

## GANGTOK FOOTBALL TOURNAMENT

ઉત્તર-પૂર્વ સંયુક્ત ફૂટબોલ ક્લબે ગંગટોકના પલઝોર સ્ટેડિયમમાં યોજાયેલી 40મી અખિલ ભારતીય ગવર્નર ગોલ્ડ કપ આંતરરાષ્ટ્રીય ફૂટબોલ સ્પર્ધા 2024ના વિજેતાનો ખિતાબ જીતી લીધો છે. ગઈકાલે યોજાયેલી અંતિમ મેચમાં આ ક્લબે ઘરેલું ટીમ ગંગટોક હિમાલયન્ સ્પોર્ટિંગ ક્લબને ટાઈ-બ્રેકરમાં હરાવી હતી.

**રાજ્યપાલ ઑમપ્રકાશ માથુર અને મુખ્યમંત્રી પી.એસ. તમાંગ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. રસાકસીભરી અંતિમ મેચને જોવા સ્ટેડિયમમાં લોકોની ભારે ભીડ જોવા મળી હતી.**

**અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષલ પંડયા**

- આજે મોટાભાગના અખબારોએ IPLની હરાજીના સમાચાર પ્રથમ પેજ ઉપર પ્રકાશિત કર્યા છે. આ ઉપરાંત આજથી સંસદના શિયાળુ સત્રનો આરંભ, અદાણીનો મુદ્દો ગૃહમાં ચર્ચવા વિપક્ષો મક્કમ, મહારાષ્ટ્ર અને ઝારખંડમાં સરકાર રચવાની કવાયતના સમાચાર પહેલા પાને જોવા મળી રહ્યાં છે. એલન મસ્ક દ્વારા ભારતની ચૂંટણી પ્રથાના વખાણ કરવાના સમાચાર દરેકે અખબારે પહેલાપાના ઉપર પ્રસિધ્ધ કર્યા છે.
- ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર અને સંદેશે પંત IPLની ઇતિહાસમાં સૌથી મોંઘો ખેલાડી બન્યો 27 કરોડમાં ખરીદવામાં આવ્યાના સમાચાર મુખ્ય બનાવ્યાં છે.
- જ્યારે નવગુજરાત સમયે આજથી સંસદના શિયાળુ સત્રનો આરંભ અદાણી મુદ્દે ધમાલના મથાળા સાથે સમાચાર બનાવ્યાં છે જ્યારે બાજુમાં જ IPLમાં પંત સૌથી મોઘો ખેલાડી હોવાના સમાચાર બીજા મહત્વના સમચાર તરીકે પ્રસિધ્ધ કર્યા છે.
- જ્યારે અંગ્રેજી અખબાર ટાઇમ્સ ઓફ ઇન્ડિયાએ ઉત્તર પ્રદેશના સંભલમાં થયેલી હિંસમાં ત્રણના મોતના સમાચાર મુખ્ય બનાવ્યા છે જ્યારે ઇન્ડિયન એક્સપ્રેસે મહારાષ્ટ્રમાં સીએમ પદ માટે ભાજપ અને શીવસેના નેતાઓ દબાણના સમાચાર પ્રસિધ્ધ કરાયા છે.
- જ્યારે ગુજરાતી અખબારોમાં સ્થાનિક સમાચારોમાં નકલી આઇએસની ધરપકડ, કચ્છમાંથી ડ્રગ્સ ઝડપાયું તેમજ ઠંડીનો ચમકારો વધી રહ્યો હોવાના સમાચાર દરેક વર્તમાનપત્રમાં જોવા મળી રહ્યાં છે.
- સ્પોર્ટસ પેજ ઉપર પર્થ ટેસ્ટમાં ભારતનું પલ્લુ ભારે હોવાના સમાચાર દરેક અખબારે તસવીર સાથે પ્રકાશિત કર્યા છે.